*DBZ-1601010101020402*

**DBZ-1601010101020402** Seat No. ______

# B. A. (Sem. II) (CBCS) (WEF-2016) Examination

**July - 2022**

## Gujarati : (મુખ્ય)

***(ગુજરાતી વ્યાકરણ, સર્જન - લેખન કૌશલ-૨)***

***(Old Course)***

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.

(2) દરેક પ્રશ્નના ઉત્તર ઉત્તરવહીમાં જ આપવાના છે.

(3) દરેક પ્રશ્નોના ગુણ સરખા છે.

1 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. **14**

મારે મન ઈશ્વર એક સત્ય છે, દયા છે, નીતિ છે, અભય છે. આસ્તિકની આસ્તિકતા અને નાસ્તિકની નાસ્તિકતા પણ તે જ છે. વાણી અને બુદ્ધિથી તેને કદી પામી શકાતો નથી. તે અત્યંત ક્ષમાવાન છે, પણ ભયંકર છે. અમે તેને જાણ્યો નહિ તેવો બચાવ ચલાવતો નથી. પણ તે પશ્ચાતાપ કરવાની તક જરૂર આપે છે. તેના જેવો સ્વતંત્રતાનો પક્ષપાતી કોઈ નથી કારણ કે તે આપણને સત્ અને અસત્ના વિવેક વિશે પૂરી સ્વતંત્રતા હંમેશા આપે છે. તેના જેવો જુલમી પણ કોઈ નહિ હોય, કેમ કે વારંવાર તે આપણું કર્યું-કરાવ્યું ધૂળ ભેગું કરી દે છે. આવા વ્યાપક સત્યનારાયણને પામવા ઈચ્છનાર મનુષ્ય જીવનના એક પણ ક્ષેત્રના સંઘર્ષથી ભાગી શકતો નથી. તેથી જ સત્યની મારી પૂજા મને ભારતના રાજકારણમાં ખેંચી ગઈ. ધર્મને રાજ્યપ્રકરણ સાથે શો સંબંધ ? એમ કહેનાર ધર્મને જાણતો નથી એમ કહેવામાં હું અવિનય કરતો નથી.

- ગાંધીજી

**અથવા**

1 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. **14**

આપણને ગતિ આપનારું બળ વિચાર છે. મનને ઉચ્ચ વિચારોથી ભરી દો. તેના વિશે રોજેરોજ શ્રવણ કરો. મહિનાઓ અને મહિનાઓ સુધી તેનો વિચાર કરો. નિષ્ફળતાની કદી પરવા ન કરો. આ નિષ્ફળતાઓ સાવ સ્વાભાવિક છે. જીવનનું તે સૌંદર્ય છે. તેમના વિના જીવનનો શો અર્થ છે ? જીવનમાં જો મથામણ ન હોય તો જીવનની કોઈ કિંમત નથી તો પછી જીવનનું કાવ્ય ક્યાં રહે ? મથામણોની, ભૂલોની પરવા ન કરો. ગાયને મેં કદી ખોટું બોલતી સાંભળી નથી, પણ માત્ર

તે ગાય જ છે, મનુષ્ય નથી. માટે નિષ્ફળતાની, આ નાનાં નાનાં પતનોની પરવા ન કરો. ગભરાયા વગર હજાર વાર આદર્શને વળગી રહો અને એક હજાર વાર તમે ભલે નિષ્ફળ જાઓ તોપણ વધુ એક વખત પ્રયાસ કરો. ઈશ્વરનું સર્વત્ર દર્શન કરવું તે માનવીનો આદર્શ છે પણ જો તમે તેને દરેક વસ્તુમાં દેખી ન શકતા હો તો તમને જે ચીજ સૌથી વધારે ગમતી હોય તેમાં પ્રથમ જુઓ અને પછી અન્યમાં જુઓ. એ રીતે તમે આગળ વધી શકશો.

- સ્વામી વિવેકાનંદ

**2** નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. **14**

નદીને જો કોઈ ઉપમા આપી શકાય તો તે માતાની જ છે. નદીને કાંઠે રહીએ એટલે દુકાળની બીક તો રહે જ નહીં. મેઘરાજા દગો દે ત્યારે નદી માતા આપણો પાક પકવે. નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતળ હવા. નદીને કાંઠે કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃવાત્સલ્યના અખંડ પ્રવાહનું દર્શન થાય. નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીરગંભીર હોય ત્યારે તો કાંઠા ઉપર રહેનાર લોકોની જાહોજલાલી એ નદીને જ આભારી હોય. સાચે જ નદી એ જનસમાજની માતા છે. શહેરમાં શેરીએ શેરીએ ફરતા હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય ત્યારે આપણને કેટલો આનંદ થાય છે ! શહેરનું મેલું વાતાવરણ ક્યાં ? અને નદીનું દર્શન ક્યાં ? તરત જ ફેર જણાઈ આવે છે. નદી ઈશ્વર નથી પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે. જો ગુરુને વંદન કરવું ઘટે તો નદીને પણ વંદન કરવું ઘટે.

- કાકા કાલેલકર

**અથવા**

**2** નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. **14**

ધર્મની ચાર વાતો અરણ્યની ગુફામાં બેસીને કરવાથી ધર્મ આવડતો નથી. અરણ્યની ગુફા એ પ્રાચીન દાખલો લીધો, પણ વર્તમાન સમયની ગુફાઓ થોડી નથી : યુનિવર્સિટી, પુસ્તકશાળા, પ્રાર્થનામંદિર વગેરે આ જાતની ગુફાઓ છે, એમાં પ્રાપ્ત કરેલું જ્ઞાન જ્યાં સુધી વ્યવહારની કસોટીએ ચઢતું નથી, ત્યાં સુધી એ સિદ્ધ અને સંસ્કારી બનતું નથી.

અમારા વખતના એક શિક્ષક માટે એવી વાત ચાલતી કે, એમને ઘોડા પર બેસતાં આવડતું નહતું, પણ એ ગુરુત્વમધ્યબિંદુનો સિદ્ધાંત જાણતા હતા અને તેથી ગુરુત્વમધ્યબિંદુની રેખા ઘોડામાં રાખવી એ કરતાં મનુષ્યે ઘોડે બેસવામાં કાંઈ વિશેષ કરવાનું નથી, એમ તેઓ સમજતા હતા. આવી સમજથી તેઓ ઘોડે બેઠા, પણ ઘોડાએ એમની સમજને માન ન આપ્યું, આપણો વ્યવહાર એ પણ આવો જ ઘોડો છે, એણે સમતાનો સિદ્ધાંત જાણનાર અસંખ્ય ઘોડેસવારોને પાડ્યા છે, અને આપણને પ્રતિદિન કેટલી બધી વાર પાડે છે, એનો સાક્ષી આપણો આત્મા જ છે.

- આનંદશંકર ધ્રુવ

**3** નીચેના ગદ્યલખાણમાંથી યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી ફરીથી લખો. **14**

ગંગાએ જરા લોટવાળા હાથ ખંખેરતા હસતે મોઢે બહાર આવી કહ્યું ભાઈ તમારે માટે ભજિયાંનો લોટ જરા દળતી હતી મોઢું કેમ સુકાઈ ગયું છે મુકન્દે એ જ અવાજમાં કહ્યું પણ હજી તમે રસોઈ ન કરી મેં તાર કર્યો હતો ને કેટલું બધું મોડું થયું

**અથવા**

3 નીચેના ગદ્યલખાણમાંથી યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી ફરીથી લખો. **14**

બબલીયે કેવી હું રોજ માટી-પીટીને ઊંઘાડું-ને આંઈ તો આને હીંચોળ્યે ઘોંટી ગઈ અરેરે તેમ દાડો મારી બબલીને હીંચોળી છે કોઈ દાડો હાલાંનો એક રાગડોય કાઢ્યો છે તેમ તો જ્યારે હું વીનવું ત્યારે બસ એમ જ કહીને ઊભા રહો કે એ મારું કામ નહિ હું મરદ છું જો જો- મરદ જોયા ન હોય તો

4 દ્વન્દ્વ અને તત્પુરુષ સમાસની વ્યાખ્યા આપી ઉદાહરણ સાથે સમજાવો. **14**

**અથવા**

4 કર્મધારય અને ઉપપદ સમાસની વ્યાખ્યા આપી ઉદાહરણ સાથે સમજાવો. **14**

5 નીચેના ચાર (4) પૈકી કોઈ પણ બે (2) પ્રશ્નના જવાબ આપો : **14**

(1) રૂઢિપ્રયોગોનો અર્થ સમજાવો.

- (1) શેર લોહી ચઢવું
- (2) લોહીનું પાણી કરવું
- (3) વાળ વાંકો થવો
- (4) આંખ મીંચાવી
- (5) અદબ તોડવી
- (6) ઉચાળા ભરવા
- (7) એકનું બે ના થવું

(2) નીચે આપેલ કહેવતનો અર્થ આપો.

- (1) નવરો નખોદ વાળે
- (2) આબરૂના કાંકરા થવા
- (3) કાંટા વિના ગુલાબ ના હોય
- (4) ચોરનો ભાઈ ઘંટી ચોર
- (5) એક હાથ તાળી ના પડે
- (6) જેવી કરણી એવી ભરણી
- (7) પાટલી બદલવી

(3) રૂઢિપ્રયોગોનો અર્થ સમજાવો.

(1) પાશેરીમાં પહેલી પૂણી

(2) કાગનો વાઘ કરવો

(3) કોણીએ ગોળ લગાડવો

(4) ભાવ પૂછવો

(5) થૂંકેલું ગળવું

(6) ચૌદમું રતન

(7) અંગારો ઊઠવો

(4) નીચેની કહેવતનો અર્થ આપો.

(1) અધૂરો ઘડો છલકાય ઘણો

(2) ઊજળું એટલું દૂધ નહિ

(3) મોરનાં ઈંડાને ચીતરવાં ન પડે

(4) નમે તે સૌને ગમે

(5) કાગનું બેસવું ને ડાળનું પડવું

(6) ઈદ પછી રોજા

(7) કાંકરે કાંકરે પાળ બંધાય